–રે.દિ.મુ.નં.૪૧/૨૦૧૯ –

–પ્રતિવાદી નં.૩ની સી.પી.સી. ઓર્ડર –૭ રૂલ ૧૧ની આંક–૩૬ની અરજી નીચે હુકમ–

**–::હુકમ::–**

**(૧).** પ્રતિવાદી નં.૩ની અરજીની મુખ્ય હકીકત એવી છે કે દાવાવાળી જમીન તેમને સરકારશ્રી દવારા ફાળવવામાં આવેલ છે અને વાદીઓ કોઈ પણ હક અધિકાર વગર દાવાવાળી જમીન ઉપર દબાણ કરેલ છે અને વાદીઓ દાવાવાળી જમીનનો કબજો સરકારશ્રીના હુકમ મુજબ પ્રતિવાદીનં.૩ને સોંપતા નથી. પ્રતિવાદી નં.૩ની દલીલ છે કે વાદીઓનો દાવાવાળી જમીન ઉપર કોઈપણ પ્રકારનો હક કે અધિકાર નથી. વાદીઓએ ગેરકાયદેસરરીતે દાવાવાળી જમીન ઉપર કબજો કરેલ છે જેથી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૧ મુજબ વાદીઓનો દાવાવાળી જમીન ઉપર કોઈ પણ પ્રકારનો હક કે અધિકાર રહેલ નથી. અને પ્રતિવાદી નં.૪ને દાવાવાળી જમીન ફાળવવાના સરકારશ્રીના હુકમ વિરૂઘ્ધ વાદીઓએ સમયમર્યાદાના કાયદા મુજબ એક વર્ષની સમય મર્યાદામાં કોઈ અપીલ કરેલ નથી. અને અત્રેની અદાલતને સી.પી.સી.કલમ–૯ મુજબ સદર દાવો ચલાવવાની કોઈ જ હકુમત નથી. જેથી વાદીના દાવાને કોઝ ઓફ એકશન તથા લીમીટેશનના કાયદાનો તથા જયુરીસડીકશનનો બાધ નડતો હોય વાદીનો દાવો રદ કરવા અરજીમાં જણાવેલ છે. અને અરજી મુજબની દલીલ હોવાનું જણાવેલ છે.

**(૨).** વાદીઓનો સદર અરજીનો જવાબ આંક–૩૮ ઘ્યાને લીધો. તથા વાદી વ.શ્રીની દલીલ સાંભળી. વાદી વ.શ્રીએ તેમની દલીલમાં દાવાવાળી જમીન ઉપર તેમના બાપદાદા વખતથી ૬૫ કરતા વધુ વર્ષોથી દાવાવાળી જમીનમાં તેમનો કબજો છે. વાદીઓ માઝુમ ડેમના અસરગ્રસ્તો છે. માઝુમ ડેમ બન્યો તેના ૩૫ વર્ષ અગાઉથી દાવાવાળી જમીન ઉપર વાદીઓનો કબજો છે. સર્વે નં.૨૬૫, ૨૬૬, ૨૬૭, ૨૬૮ની જમીન એકત્રિત કરી નવીન સ.નં.૨૫૫ કરવામાં આવેલ અને સર્વે નંબર એકત્રિત કરવામાં આવ્યો તે અગાઉથી વાદીઓનો સ્થળે કબજો છે. અને નાયબ કલ ેકટરશ્રી અને કલેકટરશ્રીએ જે હુકમો કર્યા તે હુકમોમાં પણ વાદીઓનો કબજો હોવાનું માનવામાં આવેલ છે. અને નાયબ કલેકટરશ્રી જમીન સંપાદન અને પુન:વસવાટ તેઓના તા.૨૩/૨/૧૯૮૨ના હુકમમાં દાવાવાળી જમીનનો કબજો

વાદીઓનો હોવાની હકીકત સ્વીકારેલ છે અને વાદીઓનો કબજો દુર કરવાનો નથી અને રેગ્યુલરાઈઝ કરવાનો છે તેવું પણ નાયબ કલેકટરશ્રીએ માનેલ છે. પ્રતિવાદી નં .૩ની અરજીની હકીકતો ખોટી હોય  પ્રતિવાદી નં.૩ની અરજી રદ કરવા જવાબમાં જણાવેલ છે અને વાદીઓનો ૬૫ વર્ષોથી દાવાવાળી જમીન ઉપર કબજો હોય દાવાનો નિર્ણય માત્ર પુરાવો લીધા પછી જ નકકી થઈ શકે તેમ હોય પ્રતિવાદી નં .૩ની અરજી  રદ કરવા વાદી વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે.

(૩). વાદી તરફે સદર કામે તેમનો વડીલો વખતથી દાવાવાળી જમીન ઉપર કબજો હોવા બાબત નિ.૪/૧ થી  ૪/૩૪ સુધીના રેવન્યુ રેકર્ડ ૭/૧૨ના ઉતારા સને ૧૯૬૦ થી સને ૨૦૦૫–૦૬ સુધીના પુરાવા રજુ કરેલ છે.  જેમાં ખેતી, પાક , ખેડુતનુ નામ વિગેરેનું વર્ણન થયેલ છે. વાદીએ નિ.૧૦/૧થી સદર કામે નાયબ કલેકટરશ્રી જમીન સંપાદન અને પુન:વસવાટ વાત્રક યોજના –મોડાસા નો તા.૨૩/૧૨/૮૨ નો પત્ર રજુ કરેલ છે જેમાં કલેકટરશ્રીના સાબરકાંઠાના નં .વીપી/જમીન/  ૨૯૯૪/૮૦, તા.૭/૩/૮૧ અધિક કલેકટરશ્રી, (સિંચાઈ) ઉત્તર અને મધ્ય ગુજરાત , ગાંધીનગરના ક્રમાંક :આર.એચ.એલ/માઝમ/વશી/–૧૯૮૨–તા.૨૦/૮/૮૨નો હુકમ જણાવેલ છે.

(૪). પ્રતિવાદી નં.૩ તરફે  નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૧૯(૪)જીએલઆર ૨૯૦૦નો ખાંટુબેન મોહંમદભાઈ પોલારાનો ચુકાદો રજુ કરેલ છે જેમાં પેરા–૧૪માં ઠરાવેલ છે કે,''

"It is no doubt true that of limitation is a mixed question of law and fact. But if by such mere bald assertion, if the application under Order 7 Rule 11 of the CPC is to be discarded that the same would frustrate the very object of said provision and would allow such kind of frivolous litigation which are hopelessly barred by law, will have to be adjudicated irrespective of its tenability and as such, this court is of the considered opinion that looking to

the aforesaid proposition of law which has been laid down as referred to above, the order in question is not just and proper, suffers from material irregularity in exercise of discretion and has got the object of frustrating the very object of provision under which the application was made by the petitioner. Accordingly, the case is made out by the petitioner to call for interference."

(૫). નામદાર સુ.કો.એ. 2022 LiveLaw (SC) 963, IN THE SUPREME COURT OF INDIA

M.R. SHAH; J., M.M. SUNDRESH; J.

Petition for Special Leave to Appeal (C) No. 19018/2022; 09-11-2022

GURDEV SINGH versus HARVINDER SINGH ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે,''

ORDER

The application preferred by the petitioner to reject the plaint under Order 7 Rule 11 of the Code of Civil Procedure, 1908 (CPC) has been dismissed by the Trial Court which has been confirmed by the High Court. It is the case on behalf of the petitioner that the plaintiff is not entitled to any relief in the suit. The aforesaid cannot be a ground to reject the plaint at the threshold in exercise of powers under Order 7, Rule 11 of the CPC. The learned Trial court has rightly rejected the application under Order 7, Rule 11 of the CPC, which is rightly not interfered with by the High Court. We are in complete agreement with the view taken by the High Court. The Special Leave Petition stands dismissed.

Pending application(s), if any, shall stand disposed of."

–રે.દિ.મુ.નં.૪૧/૨૦૧૯ –

–પ્રતિવાદી નં.૩ની સી.પી.સી. ઓર્ડર –૭ રૂલ ૧૧ની આંક–૩૬ની અરજી નીચે હુકમ–

નામદાર સુ.કો.એ. ચુકાદામાં ઠરાવ્યા મુજબ સી.પી.સી.હુકમ ૭ રૂલ–૧૧ ની જોગવાઈને વાદીના દાવાને નકારવા માટેનું કારણ બનાવી શકાય નહી. દરેક કેસની હકીકત જુદી જુદી હોય છે. સદર કામે વાદીઓનો દાવાવાળી જમીન ઉપરની તેમના વડીલો વખતથી ખેતીની હકીકત લક્ષે લેતા સદર કામનો ન્યાયનિર્ણય પુરાવાથી પુરવાર થઈ શકે તેમ હોય તેમજ કાયદાના પ્રશ્નો સદર કામે સમાયેલ હોય પ્રતિવાદી તરફે રજુ થયેલ ચુકાદો નામદાર સુ.કો.ના Special Leave to Appeal (C) No. 19018/2022; 09-11-2022 ના ચુકાદા મુજબ પ્રતિવાદી નં.૩ તરફે રજુ થયેલ ચુકાદો ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદી નં.૩ને મદદકર્તા ન હોય પ્રતિવાદી નં.૩ની સદર અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૫મી,માહે :ફેબ્રુઆરી, સને: ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૧૫/ ૦૨/૨૦૨૩

સ્થળ :મોડાસા. **(શ્રીમતી એન. ડી. શર્મા)**

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, મોડાસા

**U.I.C. NO.GJ00555**